# શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરીમાં કાલે વાઇલ્ડ લાઇફ પ્રદર્શનઃ પોષ્ટર અને મૂવીનો સમન્વય

## વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાઃ ગીરના ખૂલ્લા કુવાને પાળા બનાવવા અભિયાન



રાજકોટ તા.૬ઃ તા.૨૭ ઓકટોબરથી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીચાલી રહી છે. ત્યારે રાજકોટમાં વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશની ટ્રસ્ટનાઉપક્રમે આ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અનેલકોમાં વન્ય પ્રાણીઅને વન્ય સૃષ્ટિ પ્રત્યે જાગૃતિ આપે તેવા હેતુથી કાલે તા.૭ના રવિવારે રાજકોટ, રેસકોર્ષમાં શ્યામાપ્રસાદ મુખરજી આર્ટ ગેલેરી ખાતે વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ વાઇલ્ડ લાઇફ પ્રદર્શન અંતર્ગત વન્ય પ્રાણીના ગેરકાયદેવેપાર અને સર્પસૃષ્ટિની જાણકારી આપતા પચ્ચીસ જેટલા ચાર્ટ લગાવાશે. ઉપરાંત જાણીતા વાઇલ્ડ લાઇફ તસવીરકારદીપકભાઇ ગજ્જરે કિલક કરેલી દુર્લભ તસવીરો અને ચિત્રકાર રાહુલભાઇ પારેખે કેનવાસ પર ઉતારેલા વાઇલ્ડ લાઇફના ચિત્રો પણ આપ્રદર્શનમાં સામેલ કરાશે. વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટે આ પ્રદર્શન અંતર્ગત વન્ય પક્ષીઓની જાણકારી આપતી સીડી બતાવવાનું પણ આયોજન કર્યું છે. ગીર ફાઉન્ડેશન દ્વારાનિર્મિત આ કમ્પ્યુટર સીડી લોકોતસ્વીરો અને ચિત્રોની સાથેસાથે જ નિહાળી શકશે. તા. ૭ને રવિવારે એક દિવસ માટે યોજનારા આ પ્રદર્શનનો સમય સવારે ૧૧ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યાસુધીનો રહેશે.

### નિબંધ સ્પર્ધા

વાઇલ્ડ લાઇફ વીકની ઉજવણીના ભાગરૂપે વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા રાજકોટની તમામ શાળાના વિદ્યાર્થીઓ માટ એક નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ નિબંધ સ્પર્ધાનો વિષય છે. 'ગુજરાતની વન્ય પ્રાણી સૃષ્ટિ', 'વાઇલ્ડ લાઇફ ઓફ ગુજરાત' પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક એમ ત્રણવિભાગ માટે યોજનારી નિબંધ સ્પર્ધામાં ભાગલેનાર તમામ વિદ્યાર્થીને સર્ટીફીકેટ અપાશે અને વિજેતા થનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત થશે. વિદ્યાર્થીઓએ તેમના નિબંધ પોસ્ટ દ્વારા અથવા રૂબરૂ તા. ૧૫મીને સોમવાર સુધીમા સવારે ૧૦ થી રાત્રે ૮ દરમિયાન ૧૨૮ સ્ટાર પ્લાઝા, ફૂલછાબ ચોક ખાતે રહેશે તથા નિબંધમાં શાળાના આચાર્ય અથવા વર્ગ શિક્ષકની સહી કરાવવાની રહેશે.

### ખુલ્લા કૂવાનો પ્રોજેક્ટ

રાજકોટના વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટે ગીર જંગલના તમામ ખુલ્લા કુવાને પાળા બાંધી આપવાનુ અભિયાન ઉપાડયુ છે.

હાલમાં આ કુવાઓને પાળા કરવાનુ કામ ચાલી રહ્યુ છે. ગીરની દુર્લભ પ્રાણી સૃષ્ટિ બચાવવાનુ આ અભિયાનછે..એક કુવાને પાળો બાંધવાનો ખર્ચ ૧૦ હજાર જેટલો થાય છે..એમાંથી ૪ હજાર રૂપિયા વનખાતું ભોગવશે જયારે બાકીના ૬ હજાર વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટ આપશે. આ કુવાના પાળા બાંધવા માટે ટ્રસ્ટે દાનની અપીલ કરી છે. કોઇપણ પર્યાવરણ પ્રેમી પ્રદર્શનના સ્થળે દાન નોંધાવી શકે છે.અથવા'આ માટે કિશોરભાઇ કોટેચાનો ૯૮૨૪૦ ૬૨૦૬૨ તથા રમણીકભાઇ ચોંડીગરનો૯૪૨૬૭૧૨૯૧૮ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.(૯.૧૪)